જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

**તા.૨૨/૦૭/૨૦૨૨ શુક્રવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૩૦૩/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૧/૦૭/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૧ | ૪,૫૩,૯૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## પી.સી.બી

## ઘાટલોડીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાથી નાંણાની હારજીતનો જુગાર રમતા ૬ ઈસમોને કુલ્લે રુપિયા ૩,૦૫,૦૦૦/- મુદામાલ સાથે ઝડપી પાડતી પી.સી.બી.

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે સુચના આધારે પી.સી.બી. પોલીસ ઈન્સપેકટર શ્રી ટી.આર.ભટ્ટ નાઓના માર્ગદર્શન અને સુપરવિઝન હેઠળ તા.૨૧.૦૭.૨૦૨૨ ના રોજ સ્ટાફના પો.સ.ઈ.શ્રી જે.જી.ચારણ, અ.હે.કો.વિષ્ણુદાન ઈશ્વરદાન બ.ન.૯૫૯૬, અ.હે.કો.વિષ્ણુભાઈ હીરાભાઈ બ.ન.૪૭૭૦, અહેકો હિમ્મતસિહ રણજીતસિહ બ.ન.૩૭૮૧, અ.હે.કો.જયપાલસિહ વિજયસિહ બ.ન.૩૭૬૯, અ.હે.કો.નૌશાદઅલી ઉસ્માનમિયા બ.ન.૯૬૪૩, અ.હે.કો.ઈન્દ્રસિહ પ્રવિણસિહ બ.ન.૬૧૬૮, અ.પો.કો.પ્રવિણસિહ દેવેન્દ્રસિહ બ.ન.૪૮૯૭ તથા અ.પો.કો.પાર્થકુમાર કેતનભાઈ બ.ન.૩૯૬૧ તથા અન્ય સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમા હતા દરમ્યાન અહેકો વિષ્ણુભાઈ હીરાભાઈ નાઓને મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે ઘાટલોડીયા મેમનગર ગુરુકુળ રોડ થી સ્ટર્લીંગ હોસ્પીટલ તરફ જતા વીર સાવરકર ચોકથી અંદરના ભાગે જતા રાજવિહાર ફલેટના મ.ન.૪ મા આરોપી અજય કાંતીલાલ રહે.૪ રાજવિહાર ફલેટ, સુશીલનગર સોસા.ની સામે, ગુરુકુલરોડ મેમનગર અમદાવાદ નાઓએ પોતાના આર્થીક ફાયદા સારુ બહારથી માણસો બોલાવી ગંજીફાના પાનાથી જન્ના મન્નાનો હારજીત નો જુગાર રમી રમાડતા રોકડા રુપિયા ૨,૬૫,૦૦૦/- તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૩,૦૫,૦૦૦/- ના મુદામાલ સાથે ૬ આરોપીઓને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરી ઘાટલોડીયા પો.સ્ટે. ખાતે બી પાર્ટ ગુરન.૧૧૧૯૧૦૪૪૨૨૦૩૧૦/૨૦૨૨ જુગાર ધારા કલમ ૪,૫ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

**પકડાયેલ આરોપીઓ:** (૧) અજય કાંતીલાલ રહે.૪ રાજવિહાર ફલેટ, સુશીલનગર સોસા.ની સામે, ગુરુકુલરોડ મેમનગર અમદાવાદ (૨) જલ્પેશ સુખદેવભાઈ પટેલ રહે.સી/૩૯ કૃષ્ણનગર સોસા.ચાંદખેડા અમદાવાદ (૩)ધાર્મિક ચંદુભાઈ રાવળ રહે.૧૧૯ રાજીવનગર ચાદલોડીયા તળાવ પાસે ઘાટલોડીયા અમદાવાદ (૪) પ્રણવ હસમુખલાલ શાહ રહે.૧૦૩, ફ્લોરિસ ફોર્ટીવન, સેટેલાઈટ અમદાવાદ (૫) અજય કલ્યાણભાઈ ધાનાણી રહે.સી/૧૦૪ સીએસ્ટા ફલેટ થલતેજ અમદાવાદ (૬) રાજેશ દયાલજી રાઠોડ રહે.૨૮ વૈભવ એપાર્ટમેંટ ધોડાસર અમદાવાદ શહેર

**ગુનાની જગ્યા :** ઘાટલોડીયા મેમનગર ગુરુકુળ રોડ થી સ્ટર્લીંગ હોસ્પીટલ તરફ જતા વીર સાવરકર ચોકથી અંદરના ભાગે જતા રાજવિહાર ફલેટના મ.ન.૪ મા

**પકડાયેલ મુદામાલ :** (૧) રોકડા રુપિયા રોકડા રુપિયા ૨,૬૫,૦૦૦/- (૨) મોબાઈલ ફોન નંગ ૬ કિ.રૂ.૪૦,૫૦૦/- મળી મળી કુલ્લે ૩,૦૫,૦૦૦/ નો મુદામાલ



# <u>ચાંદખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમાથી  નાંણાની હારજીત નો જુગાર રમતા ૯ ઈસમોને  કુલ્લે રુપિયા ૪,૯૮,૦૦૦/ ના મુદામાલ સાથે ઝડપી પાડતી પી.સી.બી.</u>

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે સુચના આધારે પી.સી.બી. પોલીસ ઈન્સપેકટર શ્રી ટી.આર.ભટ્ટ નાઓના માર્ગદર્શન અને સુપરવિઝન હેઠળ તા.૨૦.૦૭.૨૦૨૨ ના રોજ સ્ટાફના પો.સ.ઈ.શ્રી જે.જી.ચારણ, અ.હે.કો.વિષ્ણુદાન ઈશ્વરદાન બ.ન.૯૫૯૬, અ.હે.કો.વિષ્ણુભાઈ હીરાભાઈ બ.ન.૪૭૭૦, અ.હે.કો. તુષારદાન ભરતદાન બ.ન.૪૩૬૧, અ.હે.કો.ઈન્દ્રસિહ પ્રવિણસિહ બ.ન.૬૧૬૮, આ.હે.કો.મહેન્દ્રકુમાર ઉદેસંગભાઈ બ.ન.૪૮૯ તથા અ.પો.કો.પાર્થકુમાર કેતનભાઈ બ.ન.૩૯૬૧ તથા અન્ય સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમા હતા દરમ્યાન અહેકો ઈન્દ્રસિહ પ્રવિણસિહ નાઓને મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે મોટેરા સ્ટેડિયમ રોડ સુખસાગર શોપ્સ નામના કોમ્પલેક્ષમાં ગ્રાઉન્ડ ફલોર ઉપર આવેલ દુકાન ન.૧ મા આરોપી નામે પ્રકાશ ચંદુભાઈ ઓડ રહે.ઓડ્વાસ, લક્ષ્મી નર્સરી, વિસત પેટ્રોલપંપની પાછળ, ચાંદખેડા, અમદાવાદ શહેર નાનો પોતાના આર્થીક ફાયદા સારુ બહારથી માણસો બોલાવી ગંજીફાના પાનાથી જન્ના મન્નાનો હારજીત નો જુગાર રમી રમાડતા રોકડા રુપિયા ૯૯૦૦૦/- તથા એકટીવાની ડેકીમાથી મળેલ નાણા ૫૦,૦૦૦/- મળી કુલ્લે રોકડા રુપિયા ૧,૪૯,૦૦૦/- તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૪,૯૮,૦૦૦/- ના મુદામાલ સાથે ૯ આરોપીઓને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરી ચાંદખેડા પો.સ્ટે. ખાતે બી પાર્ટ ગુરન.૧૧૧૯૧૦૦૮૨૨૦૫૫૩/૨૦૨૨  જુગાર ધારા કલમ ૪,૫ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

**<u>પકડાયેલ આરોપીઓ:</u>** (૧) પ્રકાશ ચંદુભાઈ ઓડ રહે.ઓડ્વાસ, લક્ષ્મી નર્સરી, વિસત પેટ્રોલપંપની પાછળ, ચાંદખેડા, અમદાવાદ શહેર (૨) અલ્પેશ હિમંતલાલ પનારા રહે.૧૩ વિધાલક્ષ્મી સોસાયટી, ચાંદખેડા, અમદાવાદ શહેર (૩) ધીરજ રત્નાભાઈ પરમાર રહે.૧૭૧ ગાંધીવાસ ન.૨ સાબરમતી અમદાવાદ (૪) રમેશ હાપુજી વણઝારા રહે.વણઝારાના છાપરામા,મોટેરા, સાબરમતી, અમદાવાદ (૫) હસમુખ વાલાભાઈ પરમાર રહે.૧૩ વિશ્વકૃપા સોસા.વિ.૨ મોટેરા રોડ સાબરમતી અમદાવાદ (૬) રાકેશ પુનમચંદ ઓડ રહે. રહે.ઓડ્વાસ, લક્ષ્મી નર્સરી, વિસત પેટ્રોલપંપની પાછળ, ચાંદખેડા, અમદાવાદ શહેર (૭) વિશાલ ભીખુભાઈ ટાંક રહે.૫, સતાધાર પાર્ક સોસા.પરીમલ હોસ્પી.પાછળ મોટેરા રોડ ચાંદખેડા અમદાવાદ (૮)શૈલેષ મોહનભાઈ ભરવાડ રહે.મ.ન.૭ ખોડીયારનગર, પરીમલ હોસ્પી.પાછળ, સાબરમતી, અમદાવાદ (૯)અક્ષય બાલુભાઈ લાડવા રહે.લક્ષ્મીનગર ની ચાલી, મોટેરા સાબરમતી અમદાવાદ

**<u>ગુનાની જગ્યા :</u>** મોટેરા સ્ટેડિયમ રોડ સુખસાગર શોપ્સ નામના કોમ્પલેક્ષમાં ગ્રાઉન્ડ ફલોર ઉપર આવેલ દુકાન ન.૧ મા

**<u>પકડાયેલ મુદામાલ :</u>** (૧) રોકડા રુપિયા ૧,૪૯,૦૦૦/- (૨) મોબાઈલ ફોન નંગ ૯ મળી કુલ્લે ૧,૩૯,૦૦૦/-(૩) ટુ વ્હીલર ૫ કિ.૨,૧૦,૦૦૦/- મળી કુલ્લે ૪,૯૮,૦૦૦/ નો મુદામાલ





# ઘરફોડ ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

## બાપુનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ઘરમાંથી મોબાઇલ ફોન ની ઘરફોડ ચોરી કરનાર ઇસમ ને ગણતરીના કલાકોમાં પકડી પાડતી કૃષ્ણનગર પોલીસ ની સર્વેલન્સ ટીમ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી " જી " ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પો.ઇન્સ એ.જે.ચૌહાણ નાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કોર્ડના પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ તથા સાથેનો સ્ટાફ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આગામી આવનાર શ્રાવણ માસના પવિત્ર તહેવારો તથા તાજેતરમાં બનેલ મિલ્કત સબંધી ગુન્હા શોધવા તથા બનતા ગુન્હા અટકાવવા તેમજ મિલકત સબંધી ગુન્હાઓમાં નાસતા-ફરતા આરોપીઓને પકડવા તેમજ પ્રોહી-જુગારની પ્રવૃતી સંદતર નિસ્ત નાબુદ કરવા સારૂ અવાર-નવાર ડ્રાઇવનુ આયોજન થઇ રહેલ હોય જેથી આવા આરોપીઓની તપાસના કામે પો.સ્ટે.વિસ્તારમાં ખાનગી વાહનોમાં ક.૨૦/૦૦ થી પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા-ફરતા ક.૨૧/૦૦ વાગે ઠક્કરનગર કેનાલ કાવ્યા રેસીડેન્સી પાસે જાહેર રોડ ઉપરથી પસાર થતા હતા તે દરમ્યાન સાથેના અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ તથા લોકરક્ષક કાનભા જગદિશસિંહ નાઓને સંયુકત રીતે ખાનગી રાહે બાતમી હકિકત મળેલ કે " એક ઇસમ નામે ગિરીશ ઉર્ફે બચ્ચો શંકરલાલ શિમનાણી(સિંધી) નાનો કે જેણે શરીરે ડાર્ક ગ્રે કલરનો જીન્સનો શર્ટ તથા બ્લ્યુ કલરનુ જીન્સ પહેરેલ છે તે ઇસમ બાપુનગર પોલીસ સ્ટેશન પાર્ટ એ-ગુ.ર.નં-૧૧૧૯૧૦૦૭૨૨૦૬૬૭/૨૨ તા.૨૦/૦૭/૨૨ ધી.ઇ.પી.કો.કલમ-૪૫૪,૪૫૭,૩૮૦ મુજબના મોબાઇલ ચોરીના ઘરફોડના ગુન્હાના કામે પોતાની અટક ટાળવા સારૂ નાસતો ફરે છે અને જે સદરી ઇસમ નાનો અત્રે પાશ્વનાથ કેનાલ બાજુથી આવી રાજીવ પાર્ક કેનાલ થઇ શુકન ટેનામેન્ટ તરફથી નિકળી પોતાના ઘર તરફ જનાર છે " વિગેરે બાતમી આધારે સદરી જગ્યાએ સ્ટાફ તથા પંચોના માણસો સાથે વોચ તપાસ કરી સદરી જગ્યાએથી બાતમી વાળા ઇસમને ચાલતો ચાલતો આવતા જણાતા તેને શુકન ટેનામેન્ટ તરફ નજીક ગિરીશ ઉર્ફે બચ્ચો સ/ઓ શંકરલાલ પેહલાદમલ જાતે શિમનાણી(સિંધી) ઉ.વ.૩૧ ધંધો-ડ્રાઇવીંગ રહે,કેશરબેનની ચાલી અંબીકા ચોક રામાપીરના મંદિર પાસે ઠક્કરનગર કૃષ્ણનગર અમદાવાદ ને પકડી તા.૨૧/૦૭/૨૦૨૨ ના ક.૨૨/૩૦ વાગે સી.આર.પી.સી.કલમ-૪૧(૧)આઇ મુજબ લોકપમાં રાખવા તજવીજ કરી બાપુનગર પો.સ્ટે. વર્ધી લખાવી આરોપી તથા કાગળો મેળવી લેવાની જાણ કરવાની તજવીજ કરી સારી કામગીરી કરેલ છે.તા.૨૨/૦૭/૨૦૨૨

## આરોપીનુ નામ સરનામુ:-

ગિરીશ ઉર્ફે બચ્ચો સ/ઓ શંકરલાલ પેહલાદમલ જાતે શિમનાણી(સિંધી) ઉ.વ.૩૧ ધંધો-ડ્રાઇવીંગ રહે,કેશરબેનની ચાલી અંબીકા ચોક રામાપીરના મંદિર પાસે ઠક્કરનગર કૃષ્ણનગર અમદાવાદ

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સાથેના સર્વેલન્સના માણસો અ.હેડ.કોન્સ રવિરાજસિંહ નટુભા બ.નં-૮૫૯૦ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં-૧૧૮૦૨ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ બ.નં-૯૯૯૪ તથા લોકરક્ષક કાનભા જગદિશસિંહ બ.નં-૭૦૯૮



## સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ

## આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ- સમાચાર યાદી નં.૧૩૦૪/૨૦૨૨

કાગડાપીઠ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૨૯૧/૨૦૦૯ ઇપીકો કલમ ૩૨૩, ૩૦૭, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા બી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના સેશન્સ કેસ નં.૫૬૫/૨૦૧૮ મુજબના ગુનાના કામે આરોપી વિજય કિશનભાઈ દંતાણી (રહે. પીરભાઈ ધોબીની ચાલી કુમકુમ હોટલ પાછળ જમાલપુર ચાર રસ્તા જમાલપુર અમદાવાદ) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નામદાર જજ શ્રીમતી પી.ટી.રામ સાહેબ, અધિકસત્ર ન્યાયાધીશ, કોર્ટ નં.૨૪, સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૨૯/૦૮/૨૦૨૨ ના રોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૦૫/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૪૧ વ્યક્તિઓને ઝડપી, ૧૨૪ લીટર દેશી દારૂ, ૨૨૦ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩૩૭ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૪૮૦ બિયર ટીન, ૧ કાર અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૯૨,૯૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૦૬/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ સમાચાર યાદી નં.૧૩૦૭/૨૦૨૨

**સાયબર ક્રાઈમઃ** નિતીનભાઇ હરગોવિંદભાઇ પટેલ (ઉ.વ.૫૨) (રહે. શ્રી પ્રગટ પુરુષોત્તમ સોસાયટી ગાયત્રી મંદિર રોડ રાણીપ) એ તા.૨૧/૦૭/૨૦૨૨ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૨/૨૦૨૨ ના રોજ મોબાઇલ નંબર ૯૩૨૮૩૭૧૧૪૧ ના ધારકે “પંજાબ બેંક કસ્ટમર કેર” વિભાગમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી નિતીનભાઈ પટેલને કોર્પોરેટ નેટ બેકિંગ શીખવા માટેની કમ્પલેન ક્લોઝ કરવાનુ જણાવી નિતીનભાઈ પટેલ પાસેથી યુઝર મેન્ટેનન્શ એક્ટીવેશન કોડ મેળવી લઇ નિતીનભાઈ પટેલના પંજાબ નેશનલ બેંકના ખાતામાંથી ઈન્ટરનેટના માધ્યમથી રૂપિયા ૬,૯૩,૯૦૦/- અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરી મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.વી.પટેલ ચલાવે છે.

**ગાય એ શિંગડું મારતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૩૦૮/૨૦૨૨**

**ખાડીયાઃ** દિપકચંદ્ર જગન્નાથ ત્રીવેદી (ઉ.વ.૬૬) (રહે. ગામડીવાડા બીલ્ડીંગ રાયપુર) તા.૧૧/૦૭/૨૦૨૨ કલાક ૮/૦૦ વાગ્યાના સુમારે રહેણાંક નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ગાય એ શિંગડું મારતા દિપકચંદ્ર ત્રિવેદીના પગના ભાગે ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૦/૦૭/૨૦૨૨ સાંજના ૬/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ખાડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કિરણસિહ કેશરાજી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૩૦૯/૨૦૨૨**

**નરોડાઃ** સંજયકુમાર કીરીટભાઇ પઢીયાર (ઉ.વ.૩૨) (રહે. શ્રીરામ વંદન સોસાયટી શ્રીરામ કુટીર પાછળ નરોડા) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૭/૨૦૨૨ સવારના ૯/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતની હુકમાં ચાદર બાંધી ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી આઝાદસિંહ દલજીતસિંહ ચલાવે છે.

**આનંદનગરઃ** આનંદનગર ટાઈમ્સ ઓફ ઈંડિયા રોડ ચંદ્રામૌલી સ્કુલ સામે લક્ષ્મીકૃપા સોસાયટી ખાતે રહેતા અસ્મીતાબેન ડૉ/ઓ નરસિહભાઈ ડામોર (ઉ.વ.૨૪) (મુળવતન. ગામ-કુંડોલ તા.ભીલોડા જી.સાબરકાંઠા) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૭/૨૦૨૨ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.આર.સાંઠે ચલાવે છે.

**ગોમતીપુરઃ** સંદીપભાઇ કિશોરભાઇ જાદવ (ઉ.વ.૩૮) (રહે. મારૂતિ એપાર્ટમેન્ટ સુખરામનગર પાણીની ટાંકી પાસે ગોમતીપુર)એ અગમ્ય કારણસર તા.૨૧/૦૭/૨૦૨૨ કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઇ વસંતભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી